જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૮/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૩૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૨,૦૪,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૭૫૦ લીટર દેશી દારૂ, ૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૩/૨૦૨૨**

**ખોખરાઃ** જયકિશન રામચંદ્રભાઈ મોરે (ઉ.વ.૨૫) (રહે. ડુંગરજીની ચાલી બાલભવન પાસે ખોખરા) એ તા.૨૭/૦૮/૨૦૨૨ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી રાહુલ જંડેલસિંઘ ઠાકુર (રહે. શિવશક્તિ ગુજરાત હાઉસીંગ બોર્ડ શુભાનપુરા ન્યુ આઇ.પી.સી.એલ.રોડ વડોદરા) એ પોતાના આધાર પુરાવા રજુ કરી "ઝુમકાર" વેબસાઈટ ઉપરથી બ્રેઝા ગાડીનુ બુકીંગ કરાવી તા.૧૯/૦૮/૨૦૨૨ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે ખોખરા ડુંગરજીની ચાલી અંબેમાતાના મંદિર સામેથી જયકિશન મોરેની બ્રેઝા ગાડી નંબર જીજે.૨૭. સી.એમ.૬૩૫૧ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- સેલ્ફ ડ્રાઈવીંગ કરી લઈ જઈ સમય મર્યાદામાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૪/૨૦૨૨**

**શહેરકોટડાઃ** ભાવેશ પ્રવિણભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે. રાજીવનગર સજનરલ હોસ્પિટલની બાજુમાં રખિયાલ) તા.૨૭/૦૮/૨૦૨૨ રાતના ૩/૦૦ વાગ્યાના સુમારે ભાવેશ પરમાર પોટલીયા ચાર રસ્તા નજીક ઉભા હતા ત્યારે એક રિક્ષામાં આવેલ ત્રણ પુરૂષોએ ભાવેશ પરમાર સાથે બોલાચાલી ઝગડો કરી મારી નાખવાની ધમકી આપી, ચાકુ બતાવી ભાવેશ પરમારના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે તથા સોનાની વીંટી મળી કુલ કિમત રૂપિયા ૪૮,૦૦૦/- લુંટ કરી રીક્ષામાં બેસી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભાવેશ પરમારે શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.આહીર ચલાવે છે.

**ત્યજી દિધેલ શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૫/૨૦૨૨**

**રામોલઃ** તા.૨૭/૦૮/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા વસ્ત્રાલ તક્ષસીલા રોડ કણાવર્તી ચાર રસ્તા પાસે અમૃતડેરી નજીક કચરાના ડબ્બામાંથી તાજું જન્મેલું ત્યજી દીધેલ નવજાત શિશુ મળી આવતા રામોલ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૬/૨૦૨૨**

**નરોડાઃ** રોહિતભાઇ મંગાભાઇ પટેલ (ઉ.વ.૪૮) (રહે. રત્નદીપ સોસાયટી જૈન દેરાસર સામે નરોડા) તા.૨૬/૦૮/૨૦૨૨ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે રોહિતભાઈ પટેલ તેમની પત્ની સાથે નરોડા નવયુગ સ્કુલ સામેથી ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ રોહિતભાઈ પટેલના પત્નીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રોહિતભાઈ પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેઠાભાઇ બહેચરભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૭/૨૦૨૨**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** જયવંતરાવ લક્ષ્મણરાવ વાઘમારે (ઉ.વ.૭૦) (રહે.હરીદર્શન સોસાયટી, મોની હોટલના ખાંચામાં, નારોલ) તા.૨૭/૦૮/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઇસનપુર ચાર રસ્તા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જયવંતરાવ એ.એમ.ટી.એસ. બસમાંથી (જેના નંબરની ખબર નથી) નીચે ઉતરતા હતા દરમ્યાન બસના ચાલકે બેદરકારીથી ગફલતભરી રીતે બસ હંકારી દેતા જયવંતરાવ રોડ ઉપર પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તા.૨૮/૦૮/૨૦૨૨ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરીયાદ જયવંતરાવના ભત્રીજા ચંન્દ્રકાંત ગણપતરાવ વાઘમારે એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૮/૨૦૨૨**

**વટવાઃ** સંજય સ/ઓ રમેશભાઇ દંતાણી (ઉ.વ.૨૫) (રહે. સદભાવના ચાર માળીયા વટવા) તા.૨૬/૦૮/૨૦૨૨ રાતના ૧૦/૩૦ પહેલા રહેણાંક નજીક પાણીની ટાંકીમાં પડી જતા ડુબી જતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૫૩૯/૨૦૨૨**

**મણીનગરઃ** કશ્મીરાબહેન વા/ઓ મુકેશકુમાર ઠકકર (ઉ.વ.૫૪) (રહે. અમૃત ફલેટ નાથાલાલ ઝગડીયા બ્રીજ પાસે એલ.જી.કોર્નર મણીનગર) તા.૨૭/૦૮/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા મણીનગર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર-૧ થાંભલા નં-૪૯૧/૨૮ થી ૪૯૧/૨૭ ની વચ્ચે રેલ્વે ડાઉન લાઇનમા રેલવેની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૦/૨૦૨૨**

**નારણપુરાઃ** વિજયભાઇ ભાસ્કરભાઇ ભટ્ટ (ઉ.વ.૬૦) (રહે. રંગઉપવન સોસાયટી મેઘાલય ફ્લેટ સામે સરદાર પટેલ કોલોની પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૨ કલાક ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજવિરસિંહ વિનોદસિંહ ચલાવે છે.

**ચાંદખેડાઃ** બેચરભાઇ મગનભાઇ પ્રજાપતિ (ઉ.વ.૮૧) (રહે. ન્યુ રણછોડરાયનગર જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લાલુભાઇ કાવજીભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** રાહુલભાઇ સ/ઓ નરેશભાઇ આઇલાણી (ઉ.વ.૩૨) (રહે. સત્કાર સ્ટેટસ ફ્લેટ ગેલેક્ષી અંડરબ્રીજ પાસે કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ થી સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી જયેશકુમાર પ્રવિણભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ગોવિંદભાઈ પોપટભાઈ પટણી (ઉ.વ.૩૫) (રહે. સાંઈનાથનાં છાપરાં રાયપુર મીલ સર્કલ પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે વિક્રમમીલની બાજુમાં રાયપુર ચાર રસ્તા પાસે લારી ઉપર કામ કરતી વખતે અગમ્ય કારણસર ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૮/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**નિકોલ**ઃ રાજન સ/ઓ જંયતીભાઇ ગોહિલ (ઉ.વ.૨૭) (રહે. અંકુર રો હાઉસ ન્યુ ઇન્ડિયા કોલોની નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી રાતના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**વટવા**ઃ સ્વાતી ડો/ઓ અરવિંદસિંગ સેંગર (ઉ.વ.૧૭) (રહે.પારીજાત હાઇટ્સ રાઇસમીલ સામે વટવા-ગામડી રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બારૈયા ચલાવે છે.

**નારોલ**ઃ ખુશ્બુકુમારી વા/ઓ બેની ઉર્ફે સંતોષ મહંતો (ઉ.વ.૨૧) (રહે. કનુભાઇ કોમ્પલેક્ષ સામે પીપળજ ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી 'કે' ડિવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી